
# ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
# Indian Institute of Teacher Education

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥



# પ્રવેશ-૨૦૨૦

## માહિતી પુસ્તિકા

### આઇ.આઇ.ટી.ઇ. અને સંલગ્ન કોલેજો

### (ઓનલાઇન પ્રવેશપત્ર ભરવા માટેની સામાન્ય સૂચનાઓ)

"A businessman can influence the country's economy, but a teacher can influence the future generations of the nation."

- **Shree Narendra Modi**



અસ્વીકરણ (Disclaimar)

આઈ.આઈ.ટી.ઈ.ના તથા તેની સંલગ્ન કોલેજોના શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમો માટે નોંધણી કરાવનાર ઉમેદવારોને સુવિધાહેતુ સંસ્થાએ આ માહિતી પુસ્તિકા યુનિવર્સિટીના કાયદા કાનૂન અને અધિનિયમને આધિન સંક્ષિપ્ત કરી છે. આ માહિતી પુસ્તિકા તૈયાર કરવા માટે મહત્તમ કાળજી લેવામાં આવી છે. કોઇપણ વિસંગતતાના કિસ્સામાં આઈ.આઈ.ટી.ઈ. એક્ટ- 2010 ના કાયદા અને અધિનિયમો આખરી માનવામાં આવશે.

કુલપતિશ્રીનું આહ્વાન...



પ્રિય મિત્રો,

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાતના સ્વપ્નસેવી બનવા માટે હું તમને બિરદાવું છું. જ્યારે સમગ્ર દુનિયામાં ધનની સાપેક્ષે મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, ત્યારે દરેક વ્યકિત દુન્યવી આનંદ માટે સામાન્યતઃ સંપત્તિનો જ વિચાર કરતી હોય છે. પરંતુ આ બાબતે તમે એ સહુથી અનોખા છો. અનોખા હોવા માટેનું એક કારણ એ છે કે તમે ભવિષ્યમાં ડોકિયું કરી શકો છો. કુમળાં બાળકોનું ભવિષ્ય ઘડવું તે પુખ્ત વ્યકિતની એવી નૈતિક ફરજ છે કે જે તેમને સમૃદ્ધિ તરફ દોરી જાય, નહીં કે સંપત્તિ તરફ. માંગ અને પુરવઠાની સાપેક્ષે વિચારીએ તો સંપત્તિ ક્ષણિક મૂલ્ય ધરાવે છે. પરંતુ સમૃદ્ધિ કોઈકના જીવનમાં શાતા અને શાંતિ લાવે છે. શિક્ષક આ સંદર્ભે દેવદૂત છે. કારણ કે તે જીવનમાં જ્ઞાન રૂપી સમૃદ્ધિથી પ્રાપ્ત થતાં આનંદ તરફ દોરી જાય છે. પરંતુ આવા અસરકારક, અસરદાર અને વિચક્ષણ શિક્ષકની તાલીમ કયાં? આ પ્રશ્નનો ઉત્તર છે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન. હું ચોક્કસ માનું છું કે તમે યોગ્ય સંસ્થાની પસંદગી કરી છે. આ એક એવું વિદ્યાધામ છે કે જ્યાં ભારતીય સંસ્કૃતિના સાત્વિક ચરિતાર્થો સંગ્રહાયેલા છે અને તે ભાવિ શિક્ષકોમાં દૃષ્ટિગોચર થાય તેવા કૌશલ્યો, માહિતી અને મહાવરો પ્રાપ્ત કરવામાં સહાયરૂપ બને.

આઈ.આઈ.ટી.ઈ. કોઈ એવું સંસ્થાન નથી કે જ્યાં અમે શાળામાં શીખવે તેવા શિક્ષકોને તૈયાર કરવાનું સ્વપ્ન સેવતા હોઈએ. અમારું સ્વપ્ન વિશાળ છે અને અમે ઇચ્છીએ  છીએ કે આ શિક્ષકો ઉચ્ચશિક્ષણની સમષ્ટિમાં પણ ખીલે; વિદ્યાકીય વિષયોના જ્ઞાનની સાથોસાથ શીખવવાની કળા એ અમારો બીજમંત્ર છે અને તેથી જ અમે ચાર વર્ષના ઇનોવેટીવ ઇન્ટિગ્રેટેડ શિક્ષણ પ્રશિક્ષણના અભ્યાસક્રમો વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યા છે. આ અભ્યાસક્રમોનું ફલક વિસ્તૃત છે અને તેમાં અભ્યાસક્રમ અનુરૂપણની સાથોસાથ ભાવિ શિક્ષકોમાં વિધવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. શિક્ષક જે ગાઈ શકે છે, ચિત્ર દોરી શકે છે, અભિનય કરી શકે છે, સમજાવી શકે છે, વિસ્તૃતિકરણ કરી શકે છે, ચર્ચા કરી શકે છે, રમતો રમી શકે છે, જ્ઞાન પિપાસુ છે; ટૂંકમાં, વિદ્યાર્થીઓનો આદર્શ શિક્ષક એ છે કે જે અધ્યેતાની ઇચ્છા મુજબની રીતિમાં માહિતીનો ખજાનો તેમની સમક્ષ મૂકે- એ અમારું ધ્યેય છે. ભાવિ શિક્ષકો તેમની ક્ષિતિજોને વિષયના ઊંડાણ સુધી વિસ્તૃત કરવા માટે અમારા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પણ જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમો માહિતીને તેના 'જ્ઞાન'માં તબદીલ કરી શકાય તે રીતે વિકસાવવામાં આવ્યા છે. આવનારા સમયને પારખી શકે તેવા શિક્ષક-પ્રશિક્ષકોની રાજ્ય અને સમાજને તાતી જરૂર છે. શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી માત્ર શિક્ષક બનવા સુધી જ સિમિત નથી. ઝડપથી બદલાઈ રહેલા વિશ્વમાં પરિવર્તનને પારખીને, તેને માટેનું અનુકુલન સાધીને શિક્ષણ ક્ષેત્રમાં નવી પદ્ધતિઓ, નવા વિચારો અને નવી પ્રક્રિયાઓ તૈયાર કરનારા વિશેષજ્ઞોની સતત જરૂર રહેવાની છે. આઈઆઈટીઈના વિવિધ અભ્યાસક્રમો પૂર્ણ કર્યા બાદ તમે શિક્ષક તરીકેની કારકિર્દીથી આગળ વધીને ક્ષેત્રમાં નીતિ વિશ્લેષક (પૉલિસી એનાલિસ્ટ), વિદ્યાકીય અધિક્ષકો, માપન અને મૂલ્યાંકનકારો, અભ્યાસક્રમ રચયિતાઓ, પાઠયપુસ્તકના વિષયવસ્તુના લેખકો, ઈ-કન્ટેન્ટ ડેવલપર્સ જેવી વિવિધ શ્રેણીઓમાં ઉપલબ્ધ તકોને ઝડપીને પોતાની વિશિષ્ટ કારકિર્દી વિકસાવી શકો છો. સંસ્થાન હૃદયપૂર્વક ઇચ્છે છે કે શૈક્ષણિક સમાજની જરૂરિયાતોની આપૂર્તિ કરવી અને તેથી જ અમે ખૂબ જ વિશિષ્ટ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યા છે.

શાળા અને સમાજ, અધ્યેતા અને અધ્યાપકો, વાલીઓ અને સમુદાયો, નીતિ ઘડનારાઓ અને વિદ્યાકીય અધિક્ષકો કે જેઓ વિકાસ અને સમૃદ્ધિના માર્ગને ખૂંદવા માટે એક સ્પષ્ટ અને દિશાસૂચક માર્ગ ધરાવતા અભ્યાસક્રમો ઇચ્છે છે.  અમારા સંશોધન અભ્યાસક્રમોમાં એ વાત સ્વયં સ્પષ્ટ છે કે અમારું ધ્યેય તે સંશોધનના નિષ્કર્ષોને તંત્રને ખૂબ સરળતાથી અમલીકરણમાં લાવી શકે તેવા એવા જ્ઞાનથી અમારા વિદ્યાર્થીઓને સમૃદ્ધ કરવાનું છે.

હકારાત્મક અભિગમથી વિચારો, પડકારોને ઝીલવાનો આત્મવિશ્વાસ કેળવો અને સંશોધનની વાસ્તવિક આભાને સ્ફુરિત કરો; સંશોધનને બળવત્તર બનાવવા માટે તમારા સામર્થ્યનો સાયુજ્ય સાધવાનો વિચાર કરો કે જે વ્યવહારુ, પ્રયોગશીલ, તુલનાત્મક અને ઐતિહાસિક હોય.

શ્રી નરેન્દ્ર મોદીજીએ આ સંસ્થાનની સ્થાપના વખતે જ તેમના મનમાં રહેલા આ ધ્યેયને સૂચક રીતે જણાવ્યું હતું કે તે સમુદાયના વિકાસ માટે, માહિતીના સંવર્ધન માટે, ભારતીયતાના પ્રચાર માટે કે જેમાં જ્ઞાનથી વિશેષ પવિત્ર કશું જ નથી, **"न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते".**

તમને i3T માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપ સહુને સંસ્થા પ્રાંગણમાં ઉત્સાહપૂર્વક અભ્યાસ કરતા જોવાની અપેક્ષા સહ.

સમગ્ર વિશ્વને **"वसुधैव कुटुम्बकम्।"** બનાવવાની અપેક્ષા સાથે આ સંદેશ પ્રસરાવશો તેવી અભ્યર્થના સહ...

તારીખ : 10 જૂન, 2020 — ડૉ . હર્ષદ પટેલ

સ્થળ  : ગાંધીનગર — કુલપતિશ્રી, **IITE**

# ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

## Indian Institute of Teacher Education

### ભાવિ શિક્ષકોનું સંવર્ધન

ગુજરાત સરકારના એક્ટ 8/2010 દ્વારા સ્થાપિત ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન એ શિક્ષક પ્રશિક્ષણ માટે સમર્પિત ગુજરાત રાજ્યની જાહેર યુનિવર્સિટી (સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી) છે, જે સમગ્ર દક્ષિણ એશિયાના દેશોમાં વિશિષ્ટ છે. આ યુનિવર્સિટી ભારતના માન. પ્રધાનમંત્રીશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે. જેમાં વૈશ્વિક શૈક્ષણિક કૌશલ્યોથી સુસજ્જ અને ભારતીય જ્ઞાન અને મૂલ્યોની ઊંડી સમજ ધરાવતા તથા વિશ્વની શાળાઓમાં અધ્યાપન માટે સક્ષમ હોય તેવા શિક્ષકોનું ઘડતર થાય. માન. શ્રી નરેન્દ્ર મોદીનું સ્વપ્ન છે કે આઈઆઈટીઈમાં માત્ર ભારત જ નહીં સમગ્ર વિશ્વ માટે સર્વોત્તમ શિક્ષકો તૈયાર થાય જે વિશ્વમાં જ્યાં પણ અધ્યાપનકાર્ય કરતા હોય ત્યાં ભારતીય મૂલ્યોને પ્રસરાવે.

21મી સદી જ્ઞાનોપાર્જન અને જ્ઞાનને પ્રસરાવવાની હશે એમ મનાય છે. આજના સમયમાં શિક્ષણ ફક્ત સ્નાતક/અનુસ્નાતક (UG/PG)ની ડિગ્રીઓ નથી, પરંતુ વ્યક્તિનો બહુપરિમાણીય વિકાસ છે. સર્વ વ્યાપક સુયોજન માટે સમાજની આ મુખ્ય જરૂરિયાત તરફ ધ્યાન આપતાં નવીન, નિવાસી, એકીકૃત, સંકલિત ડિગ્રીઓ માટેનો વિચાર પ્રગટ થાય છે. ચોતરફથી સર્વશ્રેષ્ઠનું આહ્વાન કરવું અને તેને ભાવિ પેઢીમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ઉત્તેજન આપવું તે ભારતીય નીતિ રીતિ રહી છે.

સુપ્રસિદ્ધ ભારતીય શિક્ષણશાસ્ત્રી અને તત્વજ્ઞાની શ્રી કિરીટ જોશીએ અમને આ યુનિવર્સિટી માટે અભ્યાસક્રમ વિકસાવવા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપી. જે થકી અમારો અભ્યાસક્રમ સમૃદ્ધ બન્યો છે. અગ્રણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વાનોએ અભ્યાસક્રમનાં વિકાસમાં પોતાનો સહિયારો ફાળો આપ્યો છે. સંસ્થાનો માત્ર એક જ વાક્યનો મુદ્રાલેખ (motto) છે – ***વૈશ્વિક શિક્ષકોનું સંવર્ધન*** જે વિશ્વભરની શાળાઓમાં અધ્યાપન કરી શકે. પ્રવર્તમાન સમયની આ તાતી જરૂરિયાત છે કારણકે, વૈશ્વિક સ્તરે પણ સારા શિક્ષકોની અછત છે. IITEની સ્થાપના વિશ્વને કુશળ શિક્ષકો પ્રદાન કરવાના હેતુથી કરવામાં આવી છે.

જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં કૌશલ્ય એ ચાવીરૂપ છે. તેથી જ આઈઆઈટીઈમાં કૌશલ્ય વિકાસ એ સંકલિત તાલીમી અભ્યાસક્રમનો અંતર્ગત ભાગ છે. અમે એવા વિશિષ્ટ અભ્યાસક્રમના સુનિશ્ચિત કાર્યક્રમો દ્વારા અમે કૌશલ્યના વિકાસની તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે; જેવા કે માતૃભાષા અને અંગ્રેજીમાં પ્રત્યાયન કૌશલ્ય, નૃત્ય, નાટ્ય (થિયેટર), ચિત્રકળા અને પર્ફોર્મિંગ આર્ટ્સ વગેરે. અમે માનીએ છીએ કે વિદ્યાર્થીઓને શિક્ષક તરીકેની પ્રારંભિક કારકિર્દીમાં સ્પર્ધાત્મક લાભ મળી રહે તે માટે તેમની વ્યવસાયિક કુશળતા વધારવી.

### દૃષ્ટિ (વિઝન)

ભારતીય પરંપરાના પરિવર્તનશીલ જ્ઞાન સાથે ભાવિ શિક્ષકોને તૈયાર કરવા અને શિક્ષક પ્રશિક્ષણની નવી પરંપરાના પ્રારંભિક સમયમાં શિક્ષકોના આંતરિક વિકાસ પર ભાર આપવો.

### મિશન

શિક્ષક પ્રશિક્ષણમાં એવા સંકલિત અભ્યાસક્રમો પૂરા પાડવા કે જે મૂલ્ય શિક્ષણ અને વૈશ્વિક દૃષ્ટિકોણ તથા આંતરમાળખાકીય રીતે ચિન્હિત અને વ્યાખ્યાયિત થયેલા હોય.

**ઉદ્દેશો**

યુનિવર્સિટીનો ઉદ્દેશ એવા કુશળ વ્યાવસાયિક શિક્ષકો તૈયાર કરવાનું છે કે જે સામાન્ય રીતે માનવતાની અને ખાસ કરીને સમાજની સેવા કરે.

યુનિવર્સિટીના ઉદ્દેશો, દૃષ્ટિ અને ધ્યેયો આ મુજબ છે.

- શિક્ષક પ્રશિક્ષણના નવા કાર્યક્રમો વિકસિત કરી અમલમાં મૂકવા કે જેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને શિક્ષણ અને તાલીમ દ્વારા તેમને એક અભિન્ન વ્યક્તિત્વવાળા શિક્ષકોમાં તબદીલ કરે.
- વૈશ્વિક કક્ષાના માનદંડ ધરાવતા અભ્યાસક્રમો આધારિત તાલીમ પૂરી પાડવી જેમાં ભારતીય અને પશ્ચિમી પરંપરાના વિધવિધ વિચારોનું સુઘટિત સંયોજન હોય.
- ૨૧મી સદીના વિદ્યાર્થીઓમાં જીવનલક્ષી કૌશલ્યોની ભાવિ જરૂરિયાતો અને પડકારોને પહોંચી વળવાની ક્ષમતા વિકસાવતા શિક્ષકોને સજ્જ કરવા.
- વિશ્વમાં સાર્વત્રિક માનવ મૂલ્યોનો પ્રકાશ ફેલાવી શકે તે માટે ભાવિ શિક્ષકોને તાલીમ આપી તેમનું ઘડતર કરવું.
- શિક્ષણ ક્ષેત્રે ભારતીય ગુરુ-શિષ્ય પરંપરા પર આધારિત શિક્ષક-વિદ્યાર્થી સંસ્કારોનું સિંચન કરવું.
- શિક્ષણ ક્ષેત્રે અદ્યતન સંશોધનને પ્રોત્સાહન આપવું અને તેના પરિણામો માતા-પિતા, શિક્ષકો અને બૃહદ સમાજ સાથે વહેંચવા.
- ઓનલાઇન કાર્યક્રમો, ડોક્યુમેન્ટરી, ગીત-સંગીત, નાટ્ય અને ફિલ્મો જેવાં માધ્યમો દ્વારા શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રમાં અને અધ્યયન અધ્યાપન સામગ્રીના વિકાસમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવું.
- પદ્ધતિશાસ્ત્ર અને જ્ઞાન પ્રણાલીઓમાં આંતરરાષ્ટ્રીયતાના સંશ્લેષણનો સર્વોત્તમ હેતુ ધરાવતા કાર્યક્રમો હાથ ધરવા અને અમલમાં મૂકવાં અને તેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.
- મન, જીવન અને શરીરના પ્રશિક્ષણના યુનિવર્સિટીના સર્વોચ્ચ ઉદ્દેશને પ્રોત્સાહન આપવા અને માનવતાના ભાવોને એકીકૃત કરવા.
- ભારતીયતાના જ્ઞાન, સર્વોચ્ચ બુદ્ધિમત્તા અને અખૂટ સર્જનાત્મકતાને પ્રતિબિંબિત કરવા શિક્ષણ પ્રણાલીમાં નવીનતાઓનો પરિચય કરાવવો અને તેનું સંવર્ધન કરવું.

## **પ્રવેશ કાર્યક્રમ 2020**

વર્ષ 2020 નો વિગતવાર પ્રવેશ કાર્યક્રમ આ મુજબ રહેશે.

| **પ્રવૃતિ** | **તારીખ, વાર અને સમય** |
|---|---|
| • ઓનલાઇન અરજી પત્રક ભરવાની શરૂઆત | • 10.06.2020 (બુધવાર), from 03.00 pm. |
| • ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ | • 06.07.2020 (સોમવાર), up to 6.00 pm |
| • **i3T શિક્ષક પ્રશિક્ષણાર્થી માટે એકીકૃત કસોટી** | • 12.07.2020 (રવિવાર), 10.00 am<br>સ્થળ પર હાજર થવાનો સમય |
| • i3T ના પરીણામની જાહેરાત | • 17.07.2020 (શુક્રવાર), 06.00 pm |
| • GDPI – Ph.D. and M.Phil. | • 19.07.2020 (રવિવાર) |
| • કાઉન્સેલિંગ અને પ્રવેશ – B.Ed. and B.Ed.-M.Ed. | • 20.07.2020 (સોમવાર) થી 25.07.2020 (શનિવાર) |
| • કાઉન્સેલિંગ અને પ્રવેશ M.Ed. and M.Sc./M.A.-M.Ed. | • 24.07.2020 (શુક્રવાર) |
| • કાઉન્સેલિંગ અને પ્રવેશ – B.Sc.-B.Ed., B.A.-B.Ed. | • 25.07.2020 (શનિવાર) |
| • ઓનલાઇન વિદ્યાર્થી અભિમુખતા કાર્યક્રમ | • 27.07.2020 (સોમવાર) to 31.07.2020 (શુક્રવાર) |
| • સત્રની શરૂઆત | • 01.08.2020, (શનિવાર) |

અસ્વીકરણ:- કોવિડ-૧૯ની મહામારીના સંદર્ભમાં ભારત સરકાર, ગુજરાત સરકાર અને અન્ય વૈધાનિક સંસ્થાએ જાહેર કરેલા નિર્દેશોને આધિન આ કાર્યક્રમ પુન:ગઠિત થઈ શકે છે.

## પ્રવેશ માર્ગદર્શન

### કાર્યક્રમની વિગત

- ગુજરાત સરકાર દ્વારા શિક્ષક–પ્રશિક્ષણના ઊચ્ચ ધોરણો પ્રસ્થાપિત કરવાના હેતુ અને દૃષ્ટિકોણથી ભારતીય શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાનની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનીવર્સિટીમાં બી.એસસી.-બી.એડ., બી.એ.-બીએડ., બી.એડ., બી.એડ.-એમ.એડ., એમ.એસસી./એમ.એ.-એમ.એડ., એમ.એડ., એમ.ફીલ. અને પીએચ.ડી. જેવા અભ્યાસક્રમો કરવાની સુવિધા સાથે સંલગ્ન વિવિધ કોલેજો અને સેન્ટર ઓફ એજ્યુકેશનમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો કરવા ઇચ્છુક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પ્રવેશ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

**A - સ્નાતક (યુજી) શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમો**

- 4 વર્ષનો સંકલિત બી.એસસી.-બી.એડ. (B.Sc.-B.Ed.)
- 4 વર્ષનો સંકલિત બી.એ.-બી.એડ. (B.A.-B.Ed.)
- 2 વર્ષનો બી.એડ. (B.Ed.)

**B - અનુસ્નાતક (પીજી) શિક્ષણ–પ્રશિક્ષણ કાર્યક્રમો**

- 3 વર્ષનો સંકલિત એમ.એસસી./એમ.એ.-એમ.એડ. (M.Sc./M.A.-M.Ed.)
- 3 વર્ષનો સંકલિત બી.એડ.-એમ.એડ. (B.Ed.-M.Ed.)
- 2 વર્ષનો એમ.એડ. (M.Ed.)

**C - શિક્ષણમાં સંશોધન કાર્યક્રમો**

- એમ.ફીલ. (M.Phil.)
- પીએચ.ડી. (Ph.D.)

આ યુજી અને પીજી અભ્યાસક્રમો ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષક પ્રશિક્ષણની જરૂરિયાતોની આપૂર્તિ માટે રચાયેલ છે કે જયાં વિષયોનું સ્વરૂપ મૂળભૂત હોય છે અને વિદ્યાર્થીઓએ મૂળભૂત વિભાવનાઓ શીખવાની હોય છે. અભ્યાસક્રમના મૂળતત્વો શિક્ષક પ્રશિક્ષણ પાયાની બાબતો અને વિષયો સાથે સલંગ્ન છે. આ પ્રવેશો આઈ.આઈ.ટી.ઈ.ના નીતિ-નિયમોને આધિન રહેશે.

યુનિવર્સિટી આ ઉપરાંત શિક્ષણશાસ્ત્રમાં એમ.ફીલ./પીએચ.ડી. માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે કે જેઓ પોતાનો અભ્યાસ આઈ.આઈ.ટી.ઈ.ના સેન્ટર ઓફ એજ્યુકેશનમાં હાથ ધરી શકે.

**કાર્યક્રમ ઇન્ટેક**

| કાર્યક્રમ | સેન્ટર / કોલેજ | બેઠક | માધ્યમ | વિષયો/પદ્ધતિઓ |
|---|---|---|---|---|
| બી.એસસી.-બી.એડ. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 100 | અંગ્રેજી | ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર |
| બી.એ.-બી.એડ. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 100 | અંગ્રેજી | અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, ભૂગોળ |
| બીએડ.-એમ.એડ. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 50 | અંગ્રેજી | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સંસ્કૃત, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન |
| એમ.એડ. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 50 | અંગ્રેજી | શિક્ષણશાસ્ત્ર |
| એમ.એસસી./ એમ.એ.-એમ.એડ. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 50 | અંગ્રેજી | ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, અંગ્રેજી |
| એમ.ફીલ | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 20 | અંગ્રેજી | શિક્ષણશાસ્ત્ર |
| પીએચ.ડી. | સેન્ટર ઓફ એજ્યુકેશન, IITE | 14 | અંગ્રેજી | શિક્ષણશાસ્ત્ર |
| બી.એડ. | સંલગ્ન કોલેજો | 2950 | ગુજરાતી /અંગ્રેજી | ગુજરાતી, અંગ્રેજી (LL & HL), સંસ્કૃત, ઉર્દૂ, હિન્દી, ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, BOM, એગ્રોનોમી |
| એમ.એડ. | શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર | 50 | ગુજરાતી | શિક્ષણશાસ્ત્ર |

એમ.ફીલ. અને પીએચ.ડી.માં બેઠકની સંખ્યામાં વધ-ઘટ સંભવ છે.

## પ્રવેશ લાયકાતના ધોરણો

| કાર્યક્રમ | સમયગાળો | પ્રવેશના ધોરણો |
|---|---|---|
| B.Sc.-B.Ed.<br>B.A.-B.Ed. | 4 વર્ષ<br>(8 Semesters) | • ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા પ્રસ્થાપિત નિયમોને આધિન માન્ય ઉચ્ચતર માધ્યમિક અથવા સિનિયર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા દ્વારા પ્રમાણિત 10+2 પરીક્ષામાં ઓછામાં ઓછા 50% ગુણ |
| B.Ed. | 2 વર્ષ<br>(4 Semesters) | • ઉમેદવારે સ્નાતક ડિગ્રી અને/અથવા અનુસ્નાતક ડિગ્રીમાં ઓછામાં ઓછા 50% ગુણ સાથે વિજ્ઞાન / સામાજિક વિજ્ઞાન / માનવવિદ્યાઓ, વિજ્ઞાન અને ગણિતમાં સ્પેશ્યલાઇઝેશન સાથે 55% ગુણ ઇજનેરી સ્નાતક અથવા અન્ય સમકક્ષ ડિગ્રી ધરાવતા હોય |
| B.Ed.-M.Ed. | 3 વર્ષ<br>(6 Semesters) | • માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી વિજ્ઞાન / સામાજિક વિજ્ઞાન / માનવવિદ્યાઓમાં યુજીસી માન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડિગ્રીમાં ઓછામાં ઓછા 55% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ |
| M.Ed. | 2 વર્ષ<br>(4 Semesters) | • ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ<br>(1) બી.એડ.<br>(2) બી.એસસી.-બી.એડ. અથવા બી.એ.-બી.એડ.<br>(3) બી.એલ.એડ.<br>(4) ડી.એલ.એડ. સાથે સ્નાતક ડિગ્રી (ઓછામાં ઓછા 50% ગુણ સાથે) |
| M.Sc./M.A.-M.Ed. | 3 વર્ષ<br>(6 Semesters) | (1) IITE અથવા અન્ય સંસ્થામાંથી બી.એસસી.-બી.એડ./બી.એ.-બી.એડ.અથવા અન્ય સમકક્ષ અભ્યાસક્રમ કે જે યુજીસી માન્ય યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતો હોય તેમાં 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ<br>**અથવા**<br>(1) યુજીસી માન્ય યુનિવર્સિટીમાંથી બી.એસસી. (ભૌતિકશાસ્ત્ર/ રસાયણશાસ્ત્ર/ વનસ્પતિશાસ્ત્ર/ ગણિત), બી.એ. (અંગ્રેજી) ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ યુજીસીના ધોરણ અનુસાર<br>**અને**<br>(2) એન.સી.ટી.ઈ.ના ધોરણો અનુસાર બી.એડ.માં ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ |
| M.Phil. | માત્ર પૂર્ણ સમય<br>18 મહિના<br>(Minimum 3 terms) | • UGC અને/અથવા DCE દ્વારા પ્રમાણિત કોઇપણ યુનિવર્સિટી અથવા ઉચ્ચ શિક્ષણ સંસ્થાનમાંથી શિક્ષણશાસ્ત્ર વિષયમાં અથવા તેને સમાન વિદ્યાશાખામાંથી અનુસ્નાતકની ડિગ્રી અથવા તેને સમકક્ષ (AIU દ્વારા પ્રમાણિત) ઓછામાં ઓછા 55% ગુણ સાથે (અથવા તેની સમકક્ષ ગ્રેડ કે જ્યાં ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં હોય ત્યાં)<br>• 5% ગુણની છૂટ, 55% માંથી 50% અથવા સમકક્ષ ગ્રેડમાં છૂટ એસ.સી./એસ.ટી./ ઓ.બી.સી.(નોન ક્રિમિલેયર)/વિકલાંગ અને અન્ય કેટેગરીના ઉમેદવારોને જે તે |
| Ph.D. | પૂર્ણ સમય<br>3 વર્ષ<br>(Minimum 6 terms) | |

| | | |
|---|---|---|
| | Part time<br>(ખંડ સમય)<br>4 વર્ષ (Minimum 8 terms) | સમયાંતરે લેવાયેલ નિર્ણયોને આધિન અથવા તેઓ કે જેમણે 19 સ્પ્ટેમ્બર 1999 પહેલા પોતાની અનુસ્નાતક ડિગ્રી મેળવેલ છે તેઓને મળવા પાત્ર છે. પાત્રતા ગુણ 55% (અથવા સમકક્ષ ગ્રેડમાં પોઇન્ટ સ્કેલ કે ત્યાં ગ્રેડીગ પદ્ધતિ અપનાવવામાં આવતી હોય) અને કેટેગરીમાં 5% ની છૂટ જેમાં પાત્રતા ગુણમાં કૃપા ગુણના સમાવેશ વિના મળવાપાત્ર છે. |

**નોંધ :-**

(1) એસ.સી./એસ.ટી ઉમેદવારો માટે 5% છુટછાટ ગુજરાત સરકારના ધારા ધોરણ મુજબ

(2) યુનિવર્સિટી ગુજરાત સરકાર/યુજીસી/એન.સી.ટી.ઇ.ની માર્ગદર્શિકાનું પાલન કરે છે.

(3) ઉમેદવારે પ્રવેશપાત્ર થવા માટે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા લેવાનાર શિક્ષક પ્રશિક્ષણાર્થી માટેની એકીકૃત કસોટી i3T ફરજિયાત પાસ કરવાની રહેશે.

**બી.એડ. માટે વિષય પસંદગી માપદંડ**

- જે ઉમેદવારોએ ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજકીય વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, તત્વજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ અથવા પુરાતત્વ વિદ્યાના વિષયમાં સ્નાતક કરેલ હોય અને જે ઉમેદવારોએ બી.બી.એ/બી.સી.એ. અથવા બી.કોમ.ની ડિગ્રી મેળવેલી હશે તેઓને વિષય પદ્ધતિ તરીકે સામાજિક વિજ્ઞાન ફાળવવામાં આવશે.
- જે ઉમેદવારો એમ.કોમ. થયેલ હોય તેમને એકાઉન્ટન્સી અથવા B.O.M. વિષય પદ્ધતિ તરીકે ફાળવવામાં આવશે.
- જે ઉમેદવારોએ અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવેલ હોય તેમને એક વિષય પદ્ધતિ તરીકે અર્થશાસ્ત્ર વિષય આપવામાં આવશે.
- જે ઉમેદવારો આંકડાશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયેલ હોય તેમને વિષય પદ્ધતિ તરીકે ગણિત ફાળવવામાં આવશે.
- જે ઉમેદવારોએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, માઇક્રોબાયોલોજી, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, બાયોટેકનોલોજી, ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, ઇલેક્ટ્રોનિકસ, પર્યાવરણીય વિજ્ઞાન અથવા ભુસ્તરશાસ્ત્રમાં સ્નાતક થયેલ હોય તેને વિષય પદ્ધતિ તરીકે વિજ્ઞાન વિષય ફાળવવામાં આવશે.

**ઓનલાઇન અરજી ફી (તમામ UG/PG અને સંશોધન કાર્યક્રમો માટે)**

ઓનલાઇન પ્રવેશપત્ર અને પ્રોસેસિંગ ફી રૂપિયા 500/- (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે રૂપિયા 250/-) (જો કોઈ ઓનલાઈન ટ્રાન્ઝેકશન ચાર્જિસ હશે તો તેને બાદ કરતા)

(આથી માત્ર ઓનલાઇન જ ચૂકવવાની રહેશે. ફી / રોકડા / ચેક / ડ્રાફ્ટ સ્વરૂપે સ્વીકારવામાં આવશે નહીં.)

**નોંધ:**

- જે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ 2020માં સરદાર પટેલ યુનિવર્સિટી અથવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તારીખ 10/06/2020 પહેલાં માત્ર સરકારી કે અનુદાનિત કોલેજોમાં બી.એડ. પ્રવેશ માટે ઉમેદવારી નોંધાવેલ છે, તેમને IITE સંલગ્ન કોલેજોમાં અરજીપત્ર ભરતી વખતે ઓનલાઈન ફી ભરવાની રહેશે નહીં. આવા ઉમેદવારે કરેલ અરજીપત્ર અને તે અરજીની ફીની પહોંચ અપલોડ કરવાની રહેશે.
- એક કરતાં વધારે કાર્યક્રમો/અભ્યાસક્રમો કે વિષયોમાં જોડાવા માગતા ઉમેદવારે પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અરજી કરવાની રહેશે અને તે પ્રમાણે ફી પણ ચૂકવવાની રહેશે.

પ્રવેશ પદ્ધતિ

**UG અને PG કાર્યક્રમમાં પ્રવેશ**

- લાયકાત ધરાવતા ઉમેદવારોએ શિક્ષક પ્રશિક્ષણ સાથીઓ માટેની એકીકૃત કસોટી i3T માં ફરજિયાતપણે આ માહિતી પુસ્તિકામાં દર્શાવેલ કાર્યક્રમ મુજબ ઉપસ્થિત રહેવાનું થશે.
- i3T માં થવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ i3Tમાં મેળવવાના રહેશે.
- તમામ UG અને PG કાર્યક્રમોમાં પ્રવેશ i3Tનાં ગુણને આધારે જ તૈયાર થયેલ મેરિટ યાદી મુજબ અપાશે.

**M.Phil. / Ph.D. માં પ્રવેશ**

- M.Phil. / Ph.D. કાર્યક્રમો માટે મળેલ અરજીઓને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવશે.
- **શ્રેણી A** : **M.Phil. / Ph.D. કાર્યક્રમોની પ્રવેશ પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો**: લાયકાત ધરાવતા ઉમેદવારોએ IITE દ્વારા લેવાનાર i3T પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.
- **શ્રેણી B** : **Ph.D. ની પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મેળવવાપાત્ર ઉમેદવારો**: જે ઉમેદવારોએ શિક્ષણશાસ્ત્ર વિષયમાં UGC NET/GSLET/JRF ઉત્તીર્ણ કરેલ હશે તેઓને i3T ની પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર છે. આમ છતાં તેમણે નિયત નમૂનામાં ફી સાથે અરજી કરવી ફરજિયાત છે.
- એવા ઉમેદવારો કે જેઓ પ્રવેશ પરીક્ષાના કુલ ગુણ 50% સાથે ઉત્તીર્ણ કરે છે અને તેઓ કે જેમને પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મળે છે તેઓને જૂથ ચર્ચા અને વ્યક્તિગત મુલાકાત (GDPI) માટે બોલાવવામાં આવશે. બધા જ સફળ ઉમેદવારોએ RDC સમક્ષ GDPI માટે ઉપસ્થિત થવાનું રહેશે. ઉમેદવારોએ RDC સમક્ષ પોતાના સંશોધનનાં રસના વિષય અથવા ક્ષેત્રની રજૂઆત કરવાની રહેશે.
- GDPI માં કરેલ દેખાવના પ્રદર્શનને આધારે ઉમેદવારોનું મૂલ્યાંકન કરવામાં આવશે અને એક મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે ઉમેદવારોની પસંદગી માટે 70% જેટલો ઉચ્ચ ગુણ ભાર પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણને અથવા UGC NET/GSLET/GSETમાં મેળવેલ ગુણ અને 30% જેટલો ભાગ GDPI માં કરેલ દેખાવના પ્રદર્શનને આધારે આપવામાં આવશે.

| ક્રમ | ધોરણો (ક્રાઈટેરિયા) | ભારાંક (%) |
|---|---|---|
| 1 | UGC NET/GSLET/GSET ના કુલ ગુણ અથવા IITE ની i3T પ્રવેશ પરીક્ષામાં પ્રાપ્ત ગુણ માંથી જે વધુ હશે તે | 70 |
| 2 | GDPI (જૂથ ચર્ચા અને વ્યક્તિગત મુલાકાત) | 30 |

- જે વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ મળવા પાત્ર છે તેઓને GDPI માં ઉપસ્થિત રહેવાનો અધિકાર છે. જો કોઈ ઉમેદવાર પોતાના મેરિટના ગુણ સુધારવા માંગતા હોય તો તેઓ IITE ની પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. UGC NET/GSLET/GSET અથવા IITE ની પ્રવેશ પરીક્ષા બે માંથી જેમાં વધુ ગુણ હશે તે મેરિટની ગણતરી સમયે ધ્યાનમાં લેવાશે.

**નોંધ**

1. **વિદ્યાર્થીઓ કે જેઓએ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરવા માટેની પરીક્ષા આપી દીધી છે અને પરિણામ જાહેર થયેલ નથી તેઓ પણ UG/PG/સંશોધન કાર્યક્રમોમાં અરજી કરી શકે છે અને i3T માં ઉપસ્થિત રહી શકે છે.**
2. **જો 30 સપ્ટેમ્બર 2020 પહેલાં પરિણામ જાહેર ન થાય અને વિદ્યાર્થીની લાયકાત માટેની પરીક્ષામાં લઘુત્તમ લાયકાત સાથે અથવા સમકક્ષ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયાના પુરાવા જમા ન કરાવી શકે તો તેનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે.**

**i3T – શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટેની એકીકૃત કસોટી**

- તમામ લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતે પસંદ કરેલા કેન્દ્ર ઉપર i3T માટે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે. આ i3T ટેસ્ટ નીચે મુજબના વિષયો આધારિત રહેશે. આ ટેસ્ટ માટે IITE દ્વારા કોઈપણ પ્રકારનું અભ્યાસ સાહિત્ય ઉપલબ્ધ કરાવાશે નહીં.
- પ્રવેશ પરીક્ષાની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે.
- દરેક કાર્યક્રમ માટે i3T નો સમયગાળો 90 મિનિટ રહેશે.

**i3T – UG અને PG કાર્યક્રમો**

- તમામ ઉમેદવારોએ પોતે પસંદ થયેલ કેન્દ્ર ઉપર OMR આધારિત i3T માટે ઉપસ્થિત થવાનું રહેશે.
- કસોટીની વિગતો માત્ર ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં જ રહેશે.
- કસોટીનો સમય ગાળો 90 મિનિટનો રહેશે. કુલ સમય 120 મિનિટનો રહેશે.

**i3T ના મુદ્દા આ મુજબ રહેશે.**

| ક્રમ | વિષય | B.Sc.-B.Ed. & B.A.-B.Ed. | B.Ed. & B.Ed.-M.Ed. | M.Ed. & M.Sc./M.A- M.Ed. |
|---|---|---|---|---|
| 1 | સામાન્ય જ્ઞાન અને પ્રવર્તમાન ઘટનાઓ | 15 | 15 | 10 |
| 2 | સંખ્યાત્મક, તાર્કિકી અને અનુરૂપણ શક્તિ | 25 | 15 | 15 |
| 3 | પ્રત્યાયન કૌશલ્ય અને અંગ્રેજી | 15 | 15 | 10 |
| 4 | ICT/ઈ-લર્નિંગ/વેબબેજ રિસોર્સિઝ | 15 | 15 | 10 |
| 5 | શિક્ષણ અભિયોગ્યતા | 30 | 30 | 25 |
| 6 | વિષયવસ્તુ | 20* | 30* | 50** |
| | **કુલ ગુણ** | **120** | **120** | **120** |

* ધોરણ-8 સુધીના ગણિત/સામાન્ય વિજ્ઞાન/સામાજિક વિજ્ઞાનનું સામાન્ય વિષયવસ્તુ

** **બી.એડ. કક્ષા:** શૈક્ષણિક મનોવિજ્ઞાન/તત્વજ્ઞાન/સમાજશાસ્ત્ર/સામાન્ય પદ્ધતિશાસ્ત્ર/માપન અને મૂલ્યાંકન

- i3T ઉત્તીર્ણ કરવા ઉમેદવારે કુલ ગુણના ઓછામાં ઓછા 50% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે. (120 માંથી 60)

**i3T – Ph.D. / M.Phil.**

| **પ્રશ્નપત્ર** | **પ્રશ્નપત્ર પ્રકાર** | **MCQ** | ગુણ |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર 1 | વિભાગ A : સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર<br>વિભાગ B : તાર્કિક અને અર્થગ્રહણ (comprehension) કૌશલ્ય | 60<br>(30+30) | 60 |
| પ્રશ્નપત્ર 2 | **અનુસ્નાતક કક્ષા સુધીના શિક્ષણના વિષયો** | 60 | 60 |

| | | | |
|---|---|---|---|
| | • શૈક્ષણિક મનોવિજ્ઞાન<br>• શૈક્ષણિક તત્વજ્ઞાન<br>• શૈક્ષણિક સમાજશાસ્ત્ર<br>**શિક્ષણની પ્રવર્તમાન ઘટનાઓ**<br>• શિક્ષણ ક્ષેત્રે RUSA/NCTE/GCERT/Government and NGOs વગેરે... | (45+15) | |
| | કુલ | 120 | 120 |

- i3T પાસ કરવા માટે ઉમેદવારે પ્રશ્નપત્ર-1 અને પ્રશ્નપત્ર-2 ના એમ કુલ મળીને 50% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે (પ્રવેશ પરીક્ષામાં 5% ની છૂટછાટ એસ.સી./એસ.ટી./ એસ.ઇ.બી.સી./વિકલાંગ કેટેગરી) [as per the norms amended by UGC (Minimum standards and procedure for award of M.Phil./Ph.D. Degrees (1st amendment) regulations, 2018]
- M.Phil. અથવા Ph.D. ના અભ્યાસક્રમમાં લાયક થવા માટે ઉમેદવારે પ્રવેશ પરીક્ષામાં કુલ ગુણના 50% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે.

**પરીક્ષા કેન્દ્રોની વિગત**

| કચ્છ | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | સૌરાષ્ટ્ર |
|---|---|---|---|---|
| • ભુજ | • મહેસાણા<br>• પાટણ<br>• પાલનપુર<br>• હિંમતનગર<br>• મોડાસા | • ગાંધીનગર<br>• અમદાવાદ<br>• નડિયાદ<br>• આણંદ<br>• વડોદરા<br>• ગોધરા<br>• દાહોદ<br>• લુણાવાડા<br>• બોડેલી | • રાજપીપળા<br>• ભરૂચ<br>• સુરત<br>• નવસારી<br>• વાપી<br>• વ્યારા<br>• આહવા | • બોટાદ<br>• ભાવનગર<br>• અમરેલી<br>• રાજકોટ<br>• જુનાગઢ<br>• વેરાવળ<br>• જામખંભાળિયા<br>• પોરબંદર<br>• જામનગર<br>• મોરબી<br>• સુરેન્દ્રનગર |

**અસ્વીકરણ:** કોવિડ-19 ની મહામારીના વિશિષ્ટ સંજોગોને કારણે નિશ્ચિત કરાયેલા પરીક્ષા કેન્દ્રોમાં બદલાવ આવી શકે છે.

**i3T નું આયોજન**

| | |
|---|---|
| હાજર થવાનો સમય | 10:00 am |
| હાજરી અને સૂચનાઓ | 10:30 am to 10:55 am |
| પરીક્ષાનો સમય | 11:00 am to 12:30 pm |

**જે તે પરીક્ષા કેન્દ્રોનું સ્થળ અને વિદ્યાર્થીઓની યાદી તારીખ 09/07/2020 ના રોજ સાંજે 6 વાગ્યા પછી યુનિવર્સિટીની** વેબસાઇટ www.iite.ac.in પર જાહેર કરવામાં આવશે.

**મેરિટ બનાવવાની પદ્ધતિ**

- જે વિદ્યાર્થીઓ 50% ગુણ સાથે i3T પાસ કરી હશે તેમને જ લાયક ગણવામાં આવશે. મેરિટ યાદી ઉતરતા ક્રમમાં બનાવવામાં આવશે.
- યુનિવર્સિટી મેરિટ યાદીના ક્રમમાં વિદ્યાર્થીઓને કાઉન્સિલિંગ અને પ્રવેશ પ્રક્રિયા માટે બોલાવશે.

**નોંધ**: ઉમેદવારોને સમયાંતરે પ્રસિદ્ધ થતી લેટેસ્ટ માહિતી પ્રવેશ પ્રક્રિયાના સંદર્ભમાં મળી રહે તે માટે યુનિવર્સિટી વેબસાઇટ www.iite.ac.in જોતા રહેવાની ભલામણ કરવામાં આવે છે.

**i3T માં મેળવેલ ગુણના ઉતરતા ક્રમમાં મેરિટ ક્રમ આપવા માટે આ મુજબના ચરણ (રાઈડર્સ)**

શરૂઆતના તબક્કામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે ઉતરતા ક્રમમાં ગોઠવીને સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને પ્રથમ ક્રમ આપવામાં આવશે. આમ છતાં પણ જો મેરિટ યાદીમાં બે કે તેથી વધુ ઉમેદવારોના મેરિટ ગુણ સરખા થતાં હશે તો આ મુજબના ચરણને ધ્યાનમાં રાખી મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે.

---

**ચરણ 1**

**આ મુજબના ચરણનો ઉપયોગ મેરિટ યાદીમાં ક્રમ આપવા માટે થશે.**

| | | |
|---|---|---|
| 1 | B.Sc.-B.Ed. & B.A.-B.Ed. માટે | એસએસસી પરીક્ષામાં મેળવેલ કુલ ગુણને આધારે મેરિટ ક્રમ આપવામાં આવશે. |
| 2 | M.Sc./M.A.-M.Ed., B.Ed. & M.Ed. માટે | એચએસસી પરીક્ષામાં મેળવેળલ કુલ ગુણને આધારે મેરિટ ક્રમ આપવામાં આવશે. |
| 3 | B.Ed.-M.Ed. માટે | સ્નાતક પરીક્ષાના છેલ્લા વર્ષમાં મેળવેલ કુલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPA ને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે |
| 4 | M.Phil. & Ph.D. માટે | બી.એડ. પરીક્ષામાં પ્રાપ્ત કરેલ કુલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPAને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે. |

**ચરણ 2**

**ચરણ 1 ના અનુસરણ બાદ પણ જો બે અથવા બે વધુ ઉમેદવારોના સરખા ગુણ હશે તો મેરિટમાં અગ્રતાક્રમ આપવા માટે ચરણ 2 અપનાવવામાં આવશે.**

| | | |
|---|---|---|
| 1 | B.Sc.-B.Ed. & B.A.-B.Ed. માટે | એસએસસી પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાન વિષયમાં મેળવેલ કુલ ગુણને આધારે મેરિટ ક્રમમાં અગ્રતા આપવામાં આવશે. |
| 2 | M.Sc./M.A.-M.Ed., B.Ed. & M.Ed. માટે | **વિજ્ઞાન પ્રવાહ માટે**: એચ.એસ.સી પરીક્ષામાં ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન (જૂથ A) જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન (જૂથ B)માં મેળવેલ કુલ ગુણને આધારે અગ્રતાક્રમ ફાળવવામાં આવશે.<br>**વાણિજ્ય અને ઉત્તર બુનિયાદી પ્રવાહ માટે**: ફરજિયાત ભાષાઓને બદલે વૈકલ્પિક વિષયોમાં પ્રાપ્ત ગુણને આધારે મેરિટમાં અગ્રતાક્રમ ફાળવવામાં આવશે. |

| | | |
|---|---|---|
| 3 | B.Ed.-M.Ed. માટે | સ્નાતક પરીક્ષાના દ્વિતીય વર્ષમાં મેળવેલ કુલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPA ને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે |
| 4 | M.Phil. & Ph.D. માટે | સ્નાતક પરીક્ષાના છેલ્લા વર્ષમાં મેળવેલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPA ને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે |

**ચરણ 3**

**ચરણ 2 ના અનુસરણ બાદ પણ જો બે અથવા બે વધુ ઉમેદવારોના સરખા ગુણ હશે તો મેરિટમાં અગ્રતાક્રમ આપવા માટે ચરણ 3 અપનાવવામાં આવશે.**

| | | |
|---|---|---|
| 1 | B.Sc.-B.Ed. & B.A.-B.Ed. માટે | એસએસસી પરીક્ષામાં સામાજિક વિજ્ઞાન વિષયમાં મેળવેલ ગુણને આધારે અગ્રતા ક્રમ આપવામાં આવશે. |
| 2 | M.Sc./M.A.-M.Ed., B.Ed. & M.Ed. માટે | એચ.એસ.સી પરીક્ષામાં ઉચ્ચસ્તરીય ભાષાના વિષયમાં મેળવેલ ગુણને આધારે અગ્રતાક્રમ ફાળવવામાં આવશે. |
| 3 | B.Ed.-M.Ed. માટે | સ્નાતકના પ્રથમ વર્ષમાં મેળવેલ કુલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPA ને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે |
| 4 | M.Phil. & Ph.D. માટે | સ્નાતક પરીક્ષાના દ્વિતીય વર્ષમાં મેળવેલ કુલ ગુણને આધારે અથવા જ્યાં GPA સિસ્ટમ હોય તેવા કિસ્સામાં CGPA અથવા SGPA ને આધારે પરિવર્તિત કરેલા ટકાના ગુણને આધારે મેરિટ ક્રમ ફાળવવામાં આવશે |

**ચરણ 4**

**ચરણ 3 ના અનુસરણ બાદ પણ જો બે અથવા બે વધુ ઉમેદવારોના સરખા ગુણ હશે તો મેરિટમાં અગ્રતાક્રમ આપવા માટે ચરણ 4 અપનાવવામાં આવશે.**

| | | |
|---|---|---|
| 1 | B.Sc.-B.Ed. & B.A.-B.Ed. માટે | ઉમેદવારની ઉંમર પ્રવેશના ક્રમ માટે ધ્યાનમાં લેવામાં આવશે એટલે કે વહેલાં જન્મેલ ઉમેદવારને મેરિટ ક્રમમાં અગ્રતા આપવામાં આવશે. |
| 2 | M.Sc./M.A.-M.Ed., B.Ed. & M.Ed. માટે | ઉમેદવારની ઉંમર પ્રવેશના ક્રમ માટે ધ્યાનમાં લેવામાં આવશે એટલે કે વહેલાં જન્મેલ ઉમેદવારને મેરિટ ક્રમમાં અગ્રતા આપવામાં આવશે. |
| 3 | B.Ed.-M.Ed. માટે | ઉમેદવારની ઉંમર પ્રવેશના ક્રમ માટે ધ્યાનમાં લેવામાં આવશે એટલે કે વહેલાં જન્મેલ ઉમેદવારને મેરિટ ક્રમમાં અગ્રતા આપવામાં આવશે. |
| 4 | M.Phil. & Ph.D. માટે | ઉમેદવારની ઉંમર પ્રવેશના ક્રમ માટે ધ્યાનમાં લેવામાં આવશે એટલે કે વહેલાં જન્મેલ ઉમેદવારને મેરિટ ક્રમમાં અગ્રતા આપવામાં આવશે. |

**નોંધ : ઉપરોક્ત બધા જ નિયમોના પાલન પછી પણ જો બે અથવાવધુ ઉમેદવારોના ગુણ સરખા હશે તો, IITEના કુલપતિશ્રી દ્વારા પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરી તેનો ઉકેલ લાવવામાં આવશે. કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ નિર્ણય દરેકને બાધ્ય રહેશે અને મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. આ બાબતે કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.**

**બેઠકોની વહેંચણી**

- 90 % બેઠકો ગુજરાત રાજ્યની સંસ્થાઓમાંથી લાયકાત માટેની યોગ્યતા પરીક્ષા ઉત્તીર્ણ કરનાર ઉમેદવારો માટે
- 10 % બેઠકો ગુજરાત રાજ્ય બહારની સંસ્થાઓમાંથી લાયકાત માટેની યોગ્યતા પરીક્ષા ઉત્તીર્ણ કરનાર ઉમેદવારો માટે
- જો ઉપરોક્ત કોઈ પણ શ્રેણીમાં બેઠકો ખાલી રહેશે તો તે અન્ય શ્રેણીના વિદ્યાર્થીઓથી ભરવામાં આવશે

**નોંધ**: અભ્યાસક્રમોમાં વિદેશી વિદ્યાર્થીઓ અને ભારત સરકારના સમયાંતરે નિર્ધારિત કરેલ માનાંકો પૂર્ણ કરતા હશે તો પ્રવેશ આપી શકાશે.

**બેઠકોની ફાળવણી (અનામતના ધોરણો)**

પ્રવેશ માટે મૂળ ગુજરાતના અને નીચેની કેટેગરી હેઠળ આવતા ઉમેદવારો માટે નીચે પ્રમાણે બેઠકો અનામત રહેશે.

- અનુસૂચિત જાતિ : 07%
- અનુસૂચિત જનજાતિ : 15%
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો : 27%
- આર્થિક રીતે પછાત વર્ગ : 10%
- અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાની જરૂર રહેશે; જો કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિના પ્રમાણપત્ર ઉપરાંત નોન ક્રીમીલેયર માટેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- જાતિ અંગેનું પ્રમાણપત્ર જો ગુજરાત સરકારના અધિકૃત સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરીને આપવામાં આવેલ નહીં હોય તો તે માન્ય રહેશે નહીં.
- ક્રીમીલેયર અંગેનું પ્રમાણપત્ર જો ગુજરાત સરકારના અધિકૃત સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરીને આપવામાં આવેલ નહીં હોય તો તે માન્ય રહેશે નહીં.
- જો ઉમેદવાર પ્રવેશ કાઉન્સેલિંગ સમયે જરૂરી પ્રમાણપત્રો રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો તેની ઉમેદવારી અનામત વર્ગ હેઠળ પ્રવેશ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
- ગુજરાત સરકારના પરિપત્ર મુજબ સરકારી બી.એડ. કોલેજ વાંસદા અને સરકારી બી.એડ. કોલેજ કાચ્છલની 50% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પ્રથમ ફાળવવામાં આવશે બાકી રહેલી બેઠકો નિયમ અનુસાર ફાળવવામાં આવશે.
- દમણ બી.એડ. કોલેજની 50% બેઠકો દીવ-દમણ અને દાદરાનગર હવેલીમાં અધિનિવાસનું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારો માટે અનામત રહેશે.

  (જે માતાપિતા અથવા વાલીઓ પોતાના ઉમેદવાર નો પ્રવેશ કેન્દ્રશાસિત પ્રદેશોની અનામત બેઠક ઉપર મેળવવા ઇચ્છતા હોય તેમણે કેન્દ્રશાસિત પ્રદેશોમાં છેલ્લા 10 વર્ષથી રહેતા હોવાનું મામલતદાર દ્વારા પ્રમાણિત અધિનિવાસનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. જે વિદ્યાર્થીઓનો પ્રવેશ મેળવવાનો છે તેમણે ધોરણ 10 અને 12 ની પરીક્ષાઓ કેન્દ્રશાસિત પ્રદેશની શાળા કક્ષાએથી આપેલી હોવી જોઈએ અને તેઓના પ્રવેશ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને ધોરણ 10 તથા 12 ના ગુણપત્રકો સાથે જોડવા ફરજિયાત છે.)
- સમયાંતરે મળતાં ભારત સરકાર, ગુજરાત સરકાર અને NCTE ના નિર્દેશોને આધિન EWS માટે બેઠકો અનામત રહેશે.

**શારીરિક વિકલાંગ ઉમેદવારો માટેનું આરક્ષણ**

રાઇટ્સ ઓફ  ડિસેબિલિટીઝ (આર.પી.ડબ્લ્યુ.ડી.) એક્ટ, 2016 ની જોગવાઈઓ અનુસાર કુલ બેઠકોની 3% બેઠકો વિકલાંગ ઉમેદવારો આ અભ્યાસક્રમમાં ભાગ લઈ શકે તે માટે પ્રવેશ માટે અનામત રાખવામાં આવશે.

વિકલાંગતા ધરાવતા ઉમેદવારે સિવિલ સર્જન દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરી જારી કરવામાં આવેલ વિકલાંગતા માટેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે..

સમજૂતી: "વિકલાંગ વ્યક્તિ" અર્થાત સક્ષમ તબીબી સત્તાધિકારી દ્વારા પ્રમાણિત થયેલ કોઈ પણ વિકલાંગતાના 40% થી ઓછા નહીં તેવી વિકલાંગતા ધરાવનાર વ્યક્તિ.

**કાઉન્સેલિંગ અને પ્રવેશ પ્રક્રિયા**

કાઉન્સેલિંગ અને પ્રવેશ પ્રક્રિયા માટે બોલાવાયેલા ઉમેદવારોએ ગાંધીનગર ખાતે આવેલ યુનિવર્સિટી કેમ્પસમાં તમામ અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત કરેલ નકલો સાથે વિગતો (રેકોર્ડ)ની ચકાસણી માટે હાજર રહેવું જરૂરી છે. જો દસ્તાવેજની ચકાસણી દરમિયાન કોઈ વિસંગતતા જણાશે અને જો એવું ફલિત થશે કે ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરી છે તો યુનિવર્સિટી ઉમેદવારના પ્રવેશને રદ કરશે.

પ્રવેશ સમયે કાઉન્સેલિંગ માટેનું સ્થળ અને પદ્ધતિ કોવિડ-19ની મહામારીને કારણે ભારત સરકાર અને ગુજરાત સરકાર અને અન્ય વૈધાનિક સંસ્થાઓના નિર્દેશોને આધારે બદલાઈ શકે છે.

કાઉન્સેલિંગ અને પ્રવેશ અને તારીખે પ્રવેશ સુનિશ્ચિત ત્યારે જ ગણાશે, જ્યારે જે-તે અભ્યાસક્રમની સેમેસ્ટર અને નોંધણી ફી ચૂકવવામાં આવશે.

બી.એડ. અને એમ.એડ. કાર્યક્રમમાં વિદ્યાર્થી કાઉન્સેલિંગના સમયે કોલેજની પસંદગી કરી શકશે જો જે તે કાર્યક્રમમાં અને વિષયમાં બેઠક ખાલી હશે તો. કાઉન્સેલિંગ બાદ જે તે વિષયમાં ખાલી રહેતી બેઠકોને અન્ય વિષયમાં તબદીલ કરવાની એકમાત્ર સત્તા યુનિવર્સિટીના નિર્ણયને આધીન રહેશે

**પ્રવેશ સમયે જરૂરી દસ્તાવેજો**

પ્રવેશ કાઉન્સેલિંગ સમયે રજિસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ આઉટની સાથે સ્વ-પ્રમાણિત કરેલા નીચે મુજબના પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે.

- યોગ્યતા લાયકાત પરીક્ષા ગુણપત્રક
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, સ્થાનાંતરણ પ્રમાણપત્ર (ટ્રાન્સફર સટિફિકેટ) અથવા સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સટિફિકેટ)
- અનુસૂચિત જાતિ (એસ.સી.), અનુસૂચિત જનજાતિ (એસ.ટી.), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (એસ.બી.બી.સી.), આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જાતિ પ્રમાણપત્ર, ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરી આપવામાં આવેલ હોય તે રજૂ કરવાનુ રહેશે.
- ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સત્તાધિકારી દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરી આપવામાં આવેલ હોય તેવું પરિવારનું નોન-ક્રીમી લેયર (એનસીએલ) પ્રમાણપત્ર.
- શારીરિક વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં સિવિલ સર્જન / સક્ષમ મેડિકલ ઓથોરિટી દ્વારા યોગ્ય રીતે સહી સિક્કા કરી આપવામાં આવેલ હોય તેવું શારીરિક અક્ષમતાનું પ્રમાણપત્ર.

**ફીનું માળખું**

**બધા જ કાર્યક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે એક વખતની એનરોલમેન્ટ/નોંધણી ફી રૂપિયા 1000/- ચૂકવવાની રહેશે.**

પ્રથમ સત્રની ફી પ્રવેશ સુનિશ્ચિત કરતી વખતે ચૂકવવાની રહેશે.

**વિવિધ અભ્યાસક્રમોની પ્રત્યેક સેમેસ્ટર દીઠ ફી**

**B.A.-B.Ed., B.Sc.-B.Ed.**

| ક્રમ | ફી ની વિગત | રકમ (₹ માં) |
|---|---|---|
| 1 | ટ્યુશન ફી | 17,500 |
| 2 | પ્રયોગશાળા ફી | 500 |
| 3 | સ્ટેશનરી/મટીરીઅલ ફી | 500 |
| 4 | લાયબ્રેરી ફી | 500 |
| 5 | સાંસ્કૃતિક ફી | 500 |
| 6 | સ્પોર્ટ્સ ફી | 500 |
| 7 | EPC ફી | 2,000 |
| | કુલ | **₹ 22,000** |

**B.Ed.-M.Ed., M.Ed. and M.Sc./M.A.-M.Ed. Programmes at IITE:**

| ક્રમ | ફી ની વિગત | રકમ (₹ માં) |
|---|---|---|
| 1 | ટ્યુશન ફી | 20,000 |
| 2 | પ્રયોગશાળા ફી* | 1,000 |
| 3 | સ્ટેશનરી/મટીરીઅલ ફી | 500 |
| 4 | લાયબ્રેરી ફી | 1,500 |
| 5 | સાંસ્કૃતિક ફી | 500 |
| 6 | સ્પોર્ટ્સ ફી | 500 |
| 7 | Foundation in Research ફી | 1,000 |
| | કુલ | **₹ 25,000** |

*In addition to Laboratory Fees mentioned above, the students of M.Sc.-M.Ed. in Science subjects have to pay Rs. 2,000 per semester.

**Fees for Affiliated Colleges (B.Ed. & M.Ed. Programmes)**

| ક્રમ | ફી ની વિગત | રકમ (₹ માં) |
|---|---|---|
| 1 | ટ્યુશન ફી | 1,250* |
| 2 | સ્ટેશનરી/મટીરીઅલ/પ્રવૃતિ ફી | 500 |
| 3 | લાયબ્રેરી ફી | 250 |
| 4 | સાંસ્કૃતિક ફી | 250 |
| 5 | સ્પોર્ટ્સ ફી | 250 |
| 6 | EPC ફી | 750 |
| | કુલ | **₹ 3,250** |

(*Exemption as per Government norms, if any.)

**નોંધ**

- વિદ્યાર્થીને પ્રવેશ આપ્યા બાદ કોઈપણ કોલેજમાં સ્થળની ફેરબદલી મળશે નહીં.
- સંલગ્ન કોલેજોમાં પ્રવેશ રદ કરાવવાના કિસ્સામાં ચૂકવેલ ફી પરત મળશે નહીં.

**IITE માં M.Phil. અને Ph.D. કાર્યક્રમ**

| ક્રમ | ફી ની વિગત | રકમ (₹ માં) |
|---|---|---|
| 1 | સત્ર ફી | 10,000 |
| 2 | દરેક સત્રમાં સ્ટેશનરી /મટીરીઅલ ફી | 500 |
| 3 | લાયબ્રેરી ફી | 1,500 |

**બી.એસ.સી.- બી.એડ. અને બી.એ- બી.એડ.માં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની જોગવાઈઓ**

- IITE હંમેશાં હોશિયાર વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની સુવિધા અને પ્રોત્સાહન આપે છે જે વિદ્યાર્થીઓએ i3T માં 75% પ્રાપ્ત કર્યા હોય તો આવા પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓમાંથી પ્રથમ 5% વિદ્યાર્થીઓની બે સેમેસ્ટરની ટ્યુશન ફી માફ કરવાની જોગવાઈ છે.
- મેરિટ આધારિત શિષ્યવૃત્તિની રકમ ટ્યુશન ફીની સમાન પ્રાપ્ત થઈ શકે જો
  - આવા વિદ્યાર્થીઓ પોતાનો પ્રવેશ અને અભ્યાસ IITE માં સુનિશ્ચિત કરી અભ્યાસ આગળ વધારે.
  - શિષ્યવૃત્તિ ચાલુ રાખવા માટે આ ઉમેદવારે શૈક્ષણિક વર્ષના બંને સેમેસ્ટરમાં O+ ગ્રેડ મેળવવો ફરજિયાત છે.

**એમ.ફીલ. અને પીએચ.ડી.માં પ્રવેશ**

યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્ર વિષયમાં એમ.ફીલ. અને પીએચ.ડી.ના કાર્યક્રમ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી આમંત્રિત કરે છે કે જેઓ પોતાનો અભ્યાસ IITE ના સેન્ટર ઓફ એજ્યુકેશન ખાતે કરી શકે.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન(IITE) જુનિયર રિસર્ચ ફેલોશીપ (JRF) જે આગળ વધતા સિનિયર રિસર્ચ ફેલોશીપ (SRF) માટે પણ તેના એમ.ફીલ. અને પીએચ.ડી.ના કાર્યક્રમ માટે દરખાસ્ત આમંત્રિત કરે છે આ ફેલોશિપ નો ઉદ્દેશ NET-GSLET-GSET-JRF કરેલ ઉમેદવારોને એમ.ફીલ./પીએચ.ડી.ની શિક્ષણશાસ્ત્રમાં ઉપાધિ અને સાથોસાથ શિક્ષણના ક્ષેત્રમાં આધુનિક અભ્યાસો અને સંશોધન હાથ ધરવાની તક આપવાનો છે.

આ પ્રવેશ IITE Ph.D. અધિનિયમ 2019 અને IITE M.Phil. અધિનિયમ 2019 ને આધીન રહેશે.

આ જ રીતે એમ.ફીલ./પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે જુનિયર રિસર્ચ ફેલોશીપ અને સિનિયર રિસર્ચ ફેલોશીપ IITE JRF/SRF અધિનિયમ 2019 ને આધિન રહેશે.

**પૂર્ણ સમયના વિદ્યાર્થીઓ**

પૂર્ણ સમયના વિદ્યાર્થીઓએ તેમના સમગ્ર પીએચ.ડી. અભ્યાસક્રમ દરમિયાન તેમના વિષયના વિભાગ ડિપાર્ટમેન્ટ અથવા માર્ગદર્શક કે યુનિવર્સિટીએ સુનિશ્ચિત કરેલી જગ્યાએ હાથ ધરે તે જરૂરી છે. વિદ્યાર્થીઓ કે જેઓ આસિસ્ટન્ટશીપ/સ્કોલરશીપ/UGC કે ICSSRની ફેલોશિપ/ઇન્ડસ્ટ્રી અથવા RA/SRF/JRF/IITE ના પ્રોજેક્ટ ફેલો વગેરે જેવી નાણાં આપતી એજન્સી દ્વારા સહાય પ્રાપ્ત કરે છે તેઓ પૂર્ણ સમયના વિદ્યાર્થીઓ ગણવામાં આવશે સિવાય કે તેઓ સત્તાધિકારી પાસેથી આ બાબતનું પ્રમાણપત્ર રજૂ કરે. આવા કિસ્સામાં RDC ની પૂર્વ અનુમતિ લેવી જરૂરી છે.

### ખંડ સમયના વિદ્યાર્થીઓ

આ વિભાગ રોજગારમાં જોડાયેલ વિદ્યાર્થીઓ સાથે સંલગ્ન છે કે જેઓ Ph.D. અભ્યાસક્રમમાં જોડાયા છે. અરજીની સાથે સંસ્થાના વડા અથવા નોકરી આપનાર પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' ફરજિયાત છે. આ આવા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી દ્વારા આપવામાં આપવામાં આવતી કોઈપણ પ્રકારની ફેલોશિપ નાણાકીય સહાય અથવા નિવાસ મેળવવા માટે લાયક ગણાશે નહીં.

### ફેલોશિપનો સમયગાળો

ફેલોશિપ સહાય સામાન્ય રીતે બે વર્ષ માટે હોય છે અને વધુમાં વધુ ત્રણ વર્ષ માટે તેને લંબાવી શકાય.

એમ.ફિલ. વિદ્યાર્થીઓ માટે પ્રથમ 18 મહિના જુનિયર રિસર્ચ ફેલોશીપના રહેશે અને સિનિયર રિસર્ચ ફેલોશીપ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે પછીના 18 મહિના રહેશે.

### JRF / SRF અને ફેલોશિપ સહાય મેળવવા માટેની પાત્રતા

ફેલોશિપ યુનિવર્સિટીના બધા જ એમ.ફીલ./પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે જેઓ નીચેના લાયકાતના માનાંકો પૂર્ણ કરતા હોય.

- યુનિવર્સિટીના એમ.ફીલ./પીએચ.ડી.ના કાર્યક્રમમાં વિદ્યાર્થીએ પૂર્ણ સમયના નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવો ફરજિયાત છે.
- એવા તમામ વિદ્યાર્થીઓ કે જે એમ.ફીલ./પીએચ.ડી. માટે લાયક થયા હોય અને નિયમિત એમ.ફીલ./પીએચ.ડી. કાર્યક્રમ કરવાનું પસંદ કર્યું હોય તથા JRF મેળવવા માટેના પાત્રતા માનાંકો પૂર્ણ કરતા હોય તેઓને ફેલોશિપ મેરિટના આધારે આપવામાં આવશે.
- વિદ્યાર્થી UGC અથવા અન્ય કોઈપણ સ્રોત પાસેથી ગ્રાન્ટ અથવા રિસર્ચ સહાય કોઈપણ નામના અન્વય મેળવતો હોવો જોઈએ નહીં.
- આ ફેલોશિપના સમયે સંપૂર્ણ સમયગાળા દરમિયાન વિદ્યાર્થી ખંડ સમયના કે પૂર્ણ સમયના કોઈ પણ પ્રકારના રોજગારમાં જોડાયેલ હોવો જોઈએ નહીં.
- આ ફેલોશિપના સમયગાળા દરમિયાન વિદ્યાર્થી યુનિવર્સિટીમાં પૂર્ણ સમય માટે ફરજિયાતપણે હાજર રહેવાનું રહેશે.
- વિદ્યાર્થીઓ કે જેમણે UGC-NET અથવા/અને GSLET/GSET ઉતીર્ણ કરી હોય તેઓ JRF/SRF માટે નિયત નમૂનામાં અરજી કરી શકે છે. ઉમેદવારની પસંદગી JRF/SRF માટે ટેસ્ટ અથવા ઇન્ટરવ્યૂ પ્રક્રિયાના મુલાકાત પ્રક્રિયાના આધારે થશે.

| Sl. | Nature of Assistance | JRF (Rs.) | SRF (Rs.) |
|---|---|---|---|
| 1 | Monthly Fellowship | 31,000 | 35,000 |
| 2 | Contingency Fund | 10,000 | 12,000 |
| 3 | HRA per month | 4,000 | 4,480 |
| 4 | Monthly Escort/Reader Assistance (In case of Physically Handicapped and Visually Impaired scholars only) | 2,000 | 2,000 |

# List of Affiliated Colleges

**District: Gandhinagar**

| Sr No | College Name | City | District | College Type |
|---|---|---|---|---|
| 1 | District Institute of Education & Training, Gandhinagar | Gandhinagar | Gandhinagar | Government |

**District: Ahmedabad**

| | | | | |
|---|---|---|---|---|
| 2 | District Institute of Education & Training, Ahmedabad. | Ahmedabad | Ahmedabad | Government |
| 3 | Shree Mahalaxmi District Institute of Education & Training, Ahmedabad **(Only for Women)** | Ahmedabad | Ahmedabad | Government |
| 4 | Smt. Ullasben Gordhandas College of Education | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |
| 5 | Prakash College of Education | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |
| 6 | Shri Vaidya M M Patel College of Education | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |
| 7 | Shri M N Shukla College Of Education | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |
| 8 | Smt. M.N.K. Dalal Education College for Women **(Only for Women)** | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |
| 9 | A. G. Teachers College | Ahmedabad | Ahmedabad | Grant-in-aid |

**District: Kheda**

| | | | | |
|---|---|---|---|---|
| 10 | District Institute of Education & Training, Kathlal | Kathlal | Kheda | Government |

**District: Anand**

| | | | | |
|---|---|---|---|---|
| 11 | District Institute of Education & Training, Anand | Valasan | Anand | Government |
| 12 | Anand Education College | Anand | Anand | Grant-in-aid |
| 13 | Smt. B.C.J. College of Education | Khambhat | Anand | Grant-in-aid |
| 14 | Smt. S. I. Patel Ipcowala College of Education | Petlad | Anand | Grant-in-aid |
| 15 | Shree R. P. Anada College of Education | Borsad | Anand | Grant-in-aid |
| 16 | N. H. Patel College of Education | Anand | Anand | Grant-in-aid |
| 17 | H M Patel Institute of English Training & Research | VV Nagar | Anand | Grant-in-aid |

**District: Vadodara**

| | | | | |
|---|---|---|---|---|
| 18 | District Institute of Education & Training, Vadodara | Vadodara | Vadodara | Government |
| 19 | Sheth Motilal Nathabhai Contractor College of Education | Dabhoi | Vadodara | Grant-in-aid |

**District: Panchmahal**

| | | | | |
|---|---|---|---|---|
| 20 | Shree Sarvajanik College of Education | Godhra | Panchmahal | Grant-in-aid |

**District: Kutch**

| | | | | |
|---|---|---|---|---|
| 21 | District Institute of Education & Training, Bhuj | Bhuj | Bhuj | Government |
| 22 | S. D. Shethia College of Education | Mundra | Kutch | Grant-in-aid |

**District: Mehsana**

| | | | | |
|---|---|---|---|---|
| 23 | Secondary Teachers Training College | Visnagar | Mehsana | Grant-in-aid |
| 24 | Swami Vivekanand Sarvodaya Bank Education College | Mehsana | Mehsana | Grant-in-aid |

**District: Patan**

| | | | | |
|---|---|---|---|---|
| 25 | District Institute of Education & Training, Patan | Patan | Patan | Government |
| 26 | Lilavati Nandlal Kilachand College of Education | Patan | Patan | Grant-in-aid |

**District: Banaskantha**

| | | | | |
|---|---|---|---|---|
| 27 | District Institute of Education & Training, Palanpur | Palanpur | Banaskantha | Government |
| 28 | D. D. Choksi B.Ed. College | Palanpur | Banaskantha | Grant-in-aid |

**District: Sabarkantha**

| | | | | |
|---|---|---|---|---|
| 29 | District Institute of Education & Training (Sarkari Mahila B.Ed. College), Idar **(Only for Women)** | Idar | Sabarkantha | Government |
| 30 | College of Education, Daramali | Daramali | Sabarkantha | Grant-in-aid |

**District: Aravalli**

| | | | | |
|---|---|---|---|---|
| 31 | Government B.Ed. College, Meghraj | Meghraj | Aravalli | Government |
| 32 | B. D. Shah College of Education | Modasa | Aravalli | Grant-in-aid |

**District: Narmada**

| | | | | |
|---|---|---|---|---|
| 33 | District Institute of Education & Training, Rajpipala | Rajpipala | Narmada | Government |

**District: Chhotaudepur**

| | | | | |
|---|---|---|---|---|
| 34 | Government B.Ed. College, Naswadi | Naswadi | Chhotaudepur | Government |

**District: Bharuch**

| | | | | |
|---|---|---|---|---|
| 35 | District Institute of Education & Training, Bharuch. | Bharuch | Bharuch | Government |
| 36 | College of Education, Daramali | Kharod | Bharuch | Grant-in-aid |

**District: Surat**

| | | | | |
|---|---|---|---|---|
| 37 | District Institute of Education & Training, Surat | Surat | Surat | Government |
| 38 | V. T. Choksi Sarvajanik College of Education | Surat | Surat | Grant-in-aid |
| 39 | Smt. Vasantiben Ranchhodbhai Bhakta College of Education | Kamrej | Surat | Grant-in-aid |
| 40 | Government B.Ed. College, Kachhal | Kachhal | Surat | Government |

**District: Tapi**

| | | | | |
|---|---|---|---|---|
| 41 | Snatak Adhyapan Mandir | Vedchhi | Tapi | Grant-in-aid |

**District: Navsari**

| | | | | |
|---|---|---|---|---|
| 42 | District Institute of Education & Training, Navsari | Navsari | Navsari | Government |
| 43 | Shrirang Shikshan Mahavidyalaya | Bilimora | Navsari | Grant-in-aid |
| 44 | Government B.Ed. College, Vansda | Vansda | Navsari | Government |

**UT: Daman**

| | | | | |
|---|---|---|---|---|
| 45 | Shree Machhi Mahajan Education Society's College of Education | Nani Daman | Daman | Grant-in-aid |

**District: Bhavnagar**

| | | | | |
|---|---|---|---|---|
| 46 | District Institute of Education & Training, Bhavnagar | Bhavnagar | Bhavnagar | Government |
| 47 | Shree G. H. Sanghavi Shikshan Mahavidyalaya | Bhavnagar | Bhavnagar | Grant-in-aid |

**District: Amreli**

| | | | | |
|---|---|---|---|---|
| 48 | Dr. Jivaraj Maheta District Institute of Education & Training, Amreli | Amreli | Amreli | Government |

**District: Rajkot**

| | | | | |
|---|---|---|---|---|
| 49 | Smt. J. J. Kundalia Graduate Teachers College | Rajkot | Rajkot | Grant-in-aid |
| 50 | Shri P. D. Malviya Graduate Teachers College | Rajkot | Rajkot | Grant-in-aid |
| 51 | Institute of Language Teaching **(English Medium)** | Rajkot | Rajkot | Grant-in-aid |

**District: Junagadh**

| | | | | |
|---|---|---|---|---|
| 52 | Dr. Subhash Mahila College of Education **(Only for Women)** | Junagadh | Junagadh | Grant-in-aid |

**District: Porbandar**

| | | | | |
|---|---|---|---|---|
| 53 | Shree Ramba District Institute of Education & Training, Porbandar | Porbandar | Porbandar | Government |

**District: Devbhumi Dwarka**

| | | | | |
|---|---|---|---|---|
| 54 | Shree Shardapeeth Arts, Commerce and College of Education | Dwarka | Dwarka | Grant-in-aid |

**District: Jamnagar**

| | | | | |
|---|---|---|---|---|
| 55 | District Institute of Education & Training, Jamnagar | Jamnagar | Jamnagar | Government |
| 56 | Darbar Gopaldas Shikshan Mahavidhyalaya | Aliyabada | Jamnagar | Grant-in-aid |

**District: Surendranagar**

| | | | | |
|---|---|---|---|---|
| 57 | Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education **(Only for Women)** | Surendranagar | Surendranagar | Grant-in-aid |
| 58 | District Institute of Education & Training, Surendranagar | Surendranagar | Surendranagar | Government |
| 59 | Smt. M. M. Shah College of Education | Wadhwan | Surendranagar | Grant-in-aid |

**સંપર્ક સૂત્ર.:**

સંપર્ક કલાકો: કામના દિવસો દરમિયાન સવારે 11:00 વાગ્યેથી સાંજના 6:00 વાગ્યા સુધી.

મોબાઇલ: Dr. Roshani Adiyecha, Assistant Professor, IITE --- 7575007093
Dr. Dipak Chaudhary, Assistant Professor, IITE --- 7575007092

ફોન નંબર: 079-23243734

ઈ-મેલ: onlineadmission@iite.ac.in

વેબસાઇટ: www.iite.ac.in

## <u>એડમિશન માટે ઓનલાઇન ફોર્મ ભરતી વખતે આ બાબતોનું જરૂર ધ્યાન રાખો.</u>

- **સૂચનાઓ ડાઉનલોડ કરો અને તેને કાળજીપૂર્વક વાંચો.** ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું શરૂ કરતા પહેલા સંપૂર્ણ સૂચનાઓ વાંચી જાઓ.
- **ફોર્મ ભરવા માટે ઉતાવળા થશો નહીં.** ધીરજ જાળવો. તમારી અરજી માટેની ખોટી દોડાદોડી કરવાથી તમારાથી કેટલાક મુખ્ય વિભાગો ધ્યાન બહાર રહી જશે અને ટાઇપ કે ખોટી જોડણીઓ રહી જશે.
- **તમારા લાયકાતના ગુણ દાખલ કરો.** જો તમારા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ તમારા પરિણામની તારીખથી આગળ ન હોય તો, ઑનલાઇન અરજી ફોર્મ જમા કરતાં પહેલાં, વિદ્યાર્થીઓએ તેમના લાયકાત માટેના ગુણ અરજી પત્રક્માં દર્શાવવા પડશે.
- **લાયકાત માટેના ગુણ દાખલ કર્યા વિના, તમારું ઓનલાઇન અરજી ફોર્મ જમા કરશો નહીં.** જો ઓનલાઇન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખો તમારા પરિણામની તારીખથી આગળ ન હોય તો, ખાતરી કરો કે તમારા લાયકાતનાં ગુણ દાખલ થયા છે કે નહીં,કારણ કે તમારો પ્રવેશ આ ગુણના મુજબ રહેશે.
- **તમારું નામ અને સંપર્ક માટેની વિગતો યોગ્ય રીતે ભરો.** તમે તમારું નામ તમારા શાળા છોડ્યાના પ્રમાણપત્ર અથવા ગુણ પત્રકમાં દર્શાવેલ હોય તેમ યોગ્ય રીતે ભરો.
- **સાયબર કેફેના કર્મચારીઓને કે અન્યને તમારી અરજી ભરવા માટે આપો નહીં.** તેઓ તમારું નામ અને વ્યક્તિગત વિગતો ટાઇપ કરવામાં ભૂલો કરી શકે છે, જે પછીથી તમારા ગુણ પત્રકમાં સમસ્યાઓ ઊભી કરી શકે છે.
- **યોગ્ય પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરો**. તમારે ફોટો સ્ટુડિયોમાં પડાવેલ અને મેળવેલ યોગ્ય પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરવો જોઈએ.
- **પ્રાસંગિક(કેઝ્યુઅલ) ફોટોગ્રાફ અપલોડ કરશો નહીં.** મોબાઇલ /આઇ-પૅડ /ડિજીનો ઉપયોગ કરીને લીધેલા કે સેલ્ફી અપલોડ તરીકે સ્વીકારવામાં આવશે નહીં.
- **યોગ્ય સ્કેન કરેલા હસ્તાક્ષર અપલોડ કરો**. હસ્તાક્ષર ફક્ત હસ્તાક્ષર માટેના ખાનામાં અપલોડ થવા જોઈએ.
- **ફોટોગ્રાફ અને હસ્તાક્ષરની અરસ પરસ બદલી કરશો નહીં.** હસ્તાક્ષર અને ફોટોગ્રાફ ફક્ત તેમના યોગ્ય ખાનામાં અપલોડ થવા જોઈએ.
- **સમાન નામ સાથે એકથી વધુ વાર નોંધણી કરાવશો નહીં.**
- **લેપટોપ અથવા ડેસ્કટોપ કમ્પ્યુટરનો ઉપયોગ કરો.** તમે એપ્લિકેશન ફોર્મ ભરવા માટે લેપટોપ અથવા ડેસ્કટૉપનો ઉપયોગ કરી શકો છો.
- **સ્માર્ટફોનનો ઉપયોગ કરશો નહીં.** તમારું અરજી ફોર્મ ભરવા માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરવાથી તમે કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતોને ભરવાથી ચૂકી શકો છો.

- **બ્રાઉઝર્સની નવી આવૃત્તિનો ઉપયોગ કરો.** ઉપયોગમાં લેવામાં આવેલ સોફ્ટવેર તાજેતરમાં વ્યાપક ઉપયોગમાં લેવાતા અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ બ્રાઉઝર (ગૂગલ ક્રોમ , મોઝિલા ફાયરફોક્સ) માટે તૈયાર કરવામાં આવેલ છે.
- **બ્રાઉઝરની જૂની આવૃત્તિનો ઉપયોગ કરશો નહીં.** સૉફ્ટવેર તમને બ્રાઉઝરનાં જૂના સંસ્કરણનો ઉપયોગ કરવાથી કેટલીક વિગતો ભરી શકાશે નહીં.
- **સાયબર કેફેના કર્મચારીઓ પાસેથી સલાહ લેતા નહીં**. તમે સાયબર કાફે અથવા કોઈપણ કમ્પ્યૂટર સેન્ટરની સુવિધાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ ફોર્મ ભરવા માટેની તેમની સલાહનો નહીં.
- **ફક્ત નિયત નોંધણી ફી ચૂકવો.** વ્યક્તિગત ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ અથવા પોતાની કે સંબંધીઓની નેટ બેન્કિંગ સેવાનો ઉપયોગ કરીને ઑનલાઇન નોંધણી ફી ચૂકવો.
- **નિર્ધારિત નોંધણી ફી સિવાય અન્ય કંઈપણ વધારાની રકમ ચૂકવશો નહીં**. અરજી ફોર્મ ભરવા માટે વધારાની ફી (રકમ)ની ચૂકવણી અનિચ્છનીય છે.

## Facility

- Smart Classroom
- Chaupal - The Meeting Place
- Guru Drona Kaushalya Vikas Kendra
- Satvik
- Abhivyakti (Amphitheater)
- Innovation Center
- Auditorium
- Library









**Indian Institute of Teacher Education**
(A State Public University established by Government of Gujarat)

Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15
Gandhinagar-382016, Gujarat, India
Phone: +91-79-23287338, 23243734
**Email**: contact@iite.ac.in, **Web** :www.iite.ac.in YouTube iitegandhinagar